**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૭ ટકા

# જિલ્લામાં ૩૪ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલા પાનસર-છત્રાલ રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ

## કલોલ એ.પી.એમ.સી. ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે માર્કેટયાર્ડના કાર્યાલયનું જાત નિરીક્ષણ કર્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના પાનસર-છત્રાલ રોડ પર રૂપિયા ૩૪.૯૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ મુસાફરોને ખૂબ પરેશાની ભોગવવી પડે તેમ હોઈ આ રૂટ પર રૂપિયા ૩૪.૯૨ કરોડના ખર્ચે રેલ્વે ઓવરબ્રીજની કામગીરી પેદાશોના વેચાણ અર્થે આવે છે. આ માર્કેટમાં વાર્ષિક ૫૮૩૮ લાખની ખરીદી-વેચાણ થાય છે. માર્કેટ યાર્ડના કામકાજ અર્થે રૂપિયા



રેલવે ઓવરબ્રિજ અને કલોલ તાલુકાની એ.પી.એમ.સી.નું રૂપિયા ૨ કરોડના ખર્ચે નવનિર્મિત થયેલ કાર્યાલયનું આજરોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના પાનસર-છત્રાલ નજીક અમદાવાદથી દિલ્હી સુધીમાં ડી.એફ.સી.સી. યોજના હેઠળ પેસેન્જર ટ્રેઈન અને માલવાહક ટ્રેઈન કુલ મળીને ચાર ટ્રેક પર ટ્રેઈન ચલાવવાની યોજના છે. હાલમાં ૨૦ થી ૨૨ વખત ફાટક બંધ કરવામાં આવે છે. જેના લીધે કરવામાં આવી છે. ફાટક બંધ કરવાની પરેશાનીનું નિવારણ થશે. તેમજ સમય તથા ઈંધણની બચત થશે. આ ફાટક કેન્દ્ર સરકારના રેલ્વે વિભાગ અને રાજ્ય સરકાર દ્વારા ૫૦-૫૦ ટકા કોસ્ટ શેરીંગ મુજબ કરવામાં આવ્યું છે.

કલોલ તાલુકાના આશરે ૭૦ ગામોના ખેડૂતો ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કલોલ માર્કેટયાર્ડમાં પોતાની ખેત ૨ કરોડના ખર્ચે કાર્યાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આજરોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે રેલ્વે ઓવરબ્રિજ અને માર્કેટયાર્ડના કાર્યાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જન-જન સુધી યોગના વ્યાપથી દિવ્ય ગુજરાતનું નિર્માણ કરશું : રૂપાણી

## મુખ્યમંત્રીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા રાજ્યભરના યોગ કોચ-ટ્રેનર્સને કર્યુ પ્રેરક સંબોધન

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં આગામી દિવસોમાં ૧ લાખ યોગ ટ્રેનર્સ દ્વારા ૨૫ હજાર યોગ વર્ગોના માધ્યમથી યોગનો વ્યાપ જન-જન સુધી વિસ્તારવાની સંકલ્પના દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે વિકાસશીલ ગુજરાત અને ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના નિર્માણ ભણી જઈ રહેલા આપણા રાજયમાં જી.ડી.પી. સાથે હેપીનેસ ઈન્ડેક્ષમાં પણ વૃદ્ધિ કરવા સૌના તન-મન, બુદ્ધિ, આત્માને યોગના માધ્યમથી સ્વસ્થ તંદુરસ્ત કરીને દિવ્ય ગુજરાત, સંસ્કારી ગુજરાત બનાવવાની નેમ રાખી છે.

મુખ્યમંત્રીએ ૭ માં વિશ્વ યોગ દિવસ અવસરે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત સમારોહમાં યોગ કોચ અને યોગ ટ્રેનર્સને પ્રતિકરૂપે પ્રમાણપત્ર વિતરણ કર્યા હતા.

આ પ્રસંગે રમત-ગમત યવા સાંસ્કૃતિક રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલ, યોગ બોર્ડના



અધ્યક્ષ શીશપાલજી, નિયામક મંડળના સભ્ય ભાનુભાઈ ચૌહાણ તેમજ અધિક મુખ્ય સચિવ સી.વી. સોમ ગાંધીનગરમાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ રાજયના જિલ્લા મથકોએ ઉપસ્થિત યોગ ટ્રેનર્સ-યોગ કોચ અને પદાધિકારીઓ-અધિકારીઓને વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રેરક સંબોધન કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે કોરોનાની વૈશ્વિક મહામારીએ સમગ્ર વિશ્વને હવે યોગ-પ્રાણાયામ તરફ પ્રેરિત કર્યા છે. પરંતુ આ યોગ સંસ્કૃતિનું સર્જન તો પાંચ હજાર વર્ષ પહેલાં આપણા મહર્ષિ પતંજલિએ કરેલું છે.

યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલજીએ રાજ્ય યોગ બોર્ડની બહુવિધ પ્રવૃત્તિઓ અને યોગને જન સમુદાયની જીવનશૈલીનો રોજિંદો ભાગ બનાવવા ૫૩ હજાર ટ્રેનર્સ-યોગ કોચની ભૂમિકા સમજાવી હતી.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે 'હવે તો બસ એક જ વાત-યોગમય બને ગુજરાત' થીમ સોંગનું લોંચીંગ પણ કર્યુ હતું.

# રૂપાલ અને કોલવડાની મુલાકાત લેતા ગૃહમંત્રી અમિતભાઈ શાહ

## રૂપાલ વરદાયિની માતા મંદિર અને પી.એચ.સી. સેન્ટર તેમજ કોલવડા આરોગ્ય કેન્દ્રની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતની મુલાકાતે આવેલા દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહે આજે ગાંધીનગર જિલ્લાના રૂપાલ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન રાજયના આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલ પણ તેમની સાથે જોડાયા હતા.

ગૃહમંત્રી અમિતભાઈ શાહે આરોગ્ય કેન્દ્રમાં વેક્સિન લીધેલ નાગરિકોની પૃચ્છા કરીને તેમના ખબર-અંતર પૂછ્યા હતા. મંત્રીએ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સહિત વરિષ્ઠ અધિકારીઓ પાસેથી કોરોના વેક્સિન અંગેની માહિતી મેળવી હતી. ગૃહમંત્રીએ કોઈપણ વ્યક્તિ વેક્સિન વિના બાકી ન રહી જાય તેની ચિંતા કરવા આરોગ્ય અધિકારીઓને જણાવ્યું હતું.

ગૃહમંત્રીએ ત્યારબાદ વરદાયિની માતા, રૂપાલની મુલાકાત લઈને દર્શન અને પૂજા-અર્ચન કર્યા હતા. તેમજ આર્શીવાદ મેળવ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી



નિતીનભાઈ પટેલ પણ સાથે જોડાયા હતા. ગૃહમંત્રી અમિતભાઈ શાહે ત્યારબાદ વરદાયિની માતા મંદિરના ટ્રસ્ટીગણને મળીને જિલ્લા પ્રવાસન સ્થળો પૈકીના આ સ્થળના વિકાસ અને જીર્ણોધ્ધારની માહિતી મેળવી હતી.

ગૃહમંત્રી અમિતભાઈ શાહે ત્યારબાદ મહાનગરપાલિકામાં સમાવેશ કોલવડા ગામે રસીકરણ કેન્દ્રની મુલાકાત લીધી હતી તેમજ વેક્સિનના પુરવઠા અંગેની જાત માહિતી મેળવી હતી. કોલવડા ખાતે મંત્રીએ લોકો વચ્ચે જઈને નાગરિકોનું અભિવાદન જીલ્યુ હતું. અને સૌનો આભાર માન્યો હતો. સૌને આરોગ્યની ચિંતા કરવા વેક્સિન લેવા માટે જણાવ્યું હતું.

આ પ્રસંગે રૂપાલ તેમજ કોલવડા ગામના અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૯ માસનું એરીયર્સ ન મળતા પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓમાં આક્રોશ

ગાંધીનગર, તા.૨૧

પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓને ૭ માં પગાર પંચનુ ૧૯ મહિનાનું એરીયર્સ હજુ સુધી નહી મળતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. રાજય સરકારે બોર્ડ નિગમમાં વ્હાલા દવલાની નિતી અપનાવી હોવાનું બોર્ડ નિગમ કર્મચારી મહામંડળ કહી રહ્યું છે. માત્ર ૪ નિગમના કર્મચારીઓને એરીયર્સની ચુકવણી કરાઈ છે. જયારે બાકીના નિગમોના કર્મચારીઓને આજદિન સુધી એરીયર્સની ચુકવણી નહી કરવામાં આવતા સરકાર સામે આગામી સમયમાં નિગમના કર્મચારીઓ આંદોલનનો મોરચો માંડે તો નવાઈ નહી.

મળતી વિગત મુજબ રાજય સરકારે કેન્દ્ર સરકાર મુજબ ૭ માં પગાર પંચનો અમલ કરી રાજય સરકાર તેમજ બોર્ડ નિગમના કર્મચારીઓને તા.૧-૧-૧૬ થી પગારપંચનો સ્વીકાર કરી અમલવારી કરી હતી. પરંતુ બોર્ડ નિગમના કર્મચારીઓને ૭ માં પગારપંચની અમલવારી કરી રોકડમાં તા.૧.-૮.૧૭ ની આપતા કર્મચારીઓને ૧૯ માસનું એરીયર્સ આપવાનું બાકી છે. એરીયર્સ અંગે ગુજરાત રાજય બોર્ડ નિગમ-સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ દ્વારા નાયબ મુખ્યમંત્રીને અનેકવાર રજુઆત કરી છે તેમ છતા હજુ સુધી એરીયર્સ બોર્ડ નિગમના કર્મચારીઓને મળ્યું નથી. રાજય સરકારે માત્ર ચાર નિગમના કર્મચારીઓને એરીયર્સ ચુકવી આપ્યું છે,જયારે બાકીના બોર્ડ નિગમના કર્મચારીઓને આપ્યું નથી. જેથી હજ્જારો કર્મચારીઓ સરકારની બેવડી નિતિનો વિરોધ કરી આંદોલનના મુડમાં જણાય છે.જો સરકાર દ્વારા ટુંક સમયમાં એરીયર્સ અંગે હકારાત્મક નિર્ણય લેવામાં નહી આવે તો બોર્ડ નિગમ કર્મચારી મહામંડળે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

# વરસાદી માહોલમાં અમેરિકન મકાઈ ખાવાની અનેરી મજા

## ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર મકાઈની લારીઓ ખડકાઈ : વસાહતીઓ ખાસ મકાઈ ખાવા હાઈવે સુધી લાંબા થાય છે

ગાંધીનગર, તા. ૨૧

વરસાદી માહોલ છવાયો છે. વાતાવરણમાં છવાયેલી ઠંડકને માણવા અને ગરમાગરમ મકાઈ ખાવા માટે વસાહતીઓ હાઈવે સુધી પહોંચી જાય છે. ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર વરસાદી માહોલ વચ્ચે અમેરિકન મકાઈની લારીઓ ખડકાઈ ગઈ છે.



છેલ્લા એક અઠવાડિયાથી ગાંધીનગરમાં વરસાદી માહોલ છવાયેલો છે. દિવસ દરમ્યાન ઝરમર વરસાદ તો ક્યારેક જોરદાર વરસાદી ઝાપટુ પડી જાય છે. વાદળો તો આકાશમાં સતત છવાયેલા રહે છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક છવાયેલી રહે છે. શહેરમાં એકદમ આહ્‌લાદક વાતાવરણ છવાયુ છે. આવા આહ્‌લાદક વાતાવરણને માણવા માટે વસાહતીઓ લોંગ ડ્રાઈવ પર નીકળી પડે છે. લોંગ ડ્રાઈવ પર નીકળી પડતા વસાહતીઓ મકાઈ ખાવા માટે છેક હાઈવે સુધી પહોંચી જાય છે. વરસાદી વાતાવરણમાં ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર અમેરિકન મકાઈની લારીઓ ખડકાઈ જાય છે. છેક ચ-૦ સર્કલથી વિસત સુધી અને સરખેજ હાઈવે પર ઠેર ઠેર અમેરિકન મકાઈની લારીઓ જોવા મળી રહી છે. બાફેલી અને શેકેલી મકાઈ ઉપરાંત કેટલાક સ્થળોએ મસાલા, ચીઝ અને બટર મકાઈ પણ મળી રહી છે.

ગાંધીનગરાઓ વરસાદી મોસમને માણવા માટે અને મકાઈ ખાવા માટે ખાસ છેક અમદાવાદ સુધી લાંબા થાય છે. ગાંધીનગર-અમદાવાદ હાઈવે પરથી પસાર થતાં પ્રવાસીઓ પણ અચુક અહીં ઉભા રહીને મકાઈની મોજ માણે છે. હાઈવેની આસપાસ રહેતા શ્રમજીવીઓ ચોમાસાની સિઝનમાં મકાઈ વેચવાનો વ્યવસાય કરી પોતાનુ ગુજરાન ચલાવી રહ્યા છે. લોકડાઉનમાંથી બહાર નીકળેલા વસાહતીઓ લોંગ ડ્રાઈવ પર જઈ સ્ટ્રેસ મુક્ત થઈ રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- કેન્દ્રિય ગૃહમંત્રીના ગાંધીનગરના પ્રવાસ દરમ્યાન તેમની સાથે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, બે પૂર્વ મંત્રી ઈશ્વરસિંહ ચાવડા અને રમણલાલ વોરા પણ જોડાયા હતા.
- રૂપાલ પ્રા.આ. કેન્દ્ર ખાતે કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહે વૃક્ષારોપણ કર્યુ હતુ.
- કોલવડામાં ગ્રામજનોને મળવા કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ ગાડીમાંથી ઉતરીને સીધા પહોંચ્યા હતા.
- પૂર્ણા યોજના અંતર્ગત આજના આ માસના ચોથા મંગળવારે આઈસીડીએસ પ્રભાગ દ્વારા એચ.બી. ક્વીન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ થી ૧૮ વર્ષના વયજૂથની બહેનોમાં એનીમીયાના પ્રમાણને શોધવામાં આવશે. દર ત્રણ મહિને એચ.બી. ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહે આજે રાજયના રાજ્યપાલશ્રીની સૌજન્ય મુલાકાત પણ લીધી હતી.
- આજે કેન્દ્રિય ગૃહમંત્રીના ગાંધીનગર-કલોલના પ્રવાસ કાર્યક્રમને લઈ લેન્ડ ગ્રેબીંગ એક્ટના અમલીકરણ માટેની જિલ્લા સમિતિની બેઠક સવારના બદલે સાંજે મળી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયત પાસે હાલ સર્વિસ રોડના ચાલી રહેલા કામમાં લીમડાના વૃક્ષની ડાળી એક કર્મચારીની ગાડી પર પડતાં ગાડીને નુકશાન થયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ચોમાસાના આગમનની સાથે જ મેલેરિયાના છુટા છવાયા કેસોએ દેખા દીધી છે.
- આજે જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની બેઠક મળશે.
- માણસા તાલુકાના જિલ્લા પંચાયતના ભાજપના સભ્યો આજે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલને મળ્યા હતા.

# ચોરીની રીક્ષા સાથે શખ્સને સે-૭ સર્વેલન્સની ટીમે ઝડપી પાડ્યો

## સિવિલ હોસ્પિટલમાંથી સીએનજી રીક્ષા ચોરી થઈ હતી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ચોરાયેલી રીક્ષાનો ગુનાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો છે. કલેકટર કચેરીના સામે ઘ માર્ગ પરથી રીક્ષા સાથે આરોપીને સેકટર-૭ ડી સ્ટાફના પોલીસ જવાનોએ દબોચી લીધો હતો. પોલીસે રૂ.૧.૫૦ લાખની રીક્ષા કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા, જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જિલ્લામાં વાહનચોરીના બનતા ગુના શોધી કાઢવા માટે સુચના આપી હતી. જેને પગલે ડીવાયએસપી એમ.કે.રાણાના માર્ગદર્શન હેઠળ સેકટર-૭ પીઆઈ એસ.એસ.પવાર અને સર્વેલન્સના પીએસઆઈ એમ.એસ.રાણા તેમજ એ.એમ.ચૌધરી સહિત ટીમના સભ્યો વાહનચોરીના ગુના શોધવાની દિશામાં કાર્યરત હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ રવિકુમાર અને કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહને સંયુકત બાતમી મળી હતી કે સેકટર-૭ પોલીસ મથકમાં રીક્ષા ચોરીનો ગુનો નોંધાયેલ છે. તે ચોરી થયેલી સીએનજી રીક્ષા



પીળાહુડ વાળી જેના પાછળના ભાગે રાજા સધી લખેલુ છે. આ રીક્ષા નં. જી.જે.૧૮.એ. વાય. ૯૮૭૦ છે. તે રીક્ષા લઈને એક શખ્સ ઘ-૫ થી ઘ-૩ માર્ગ પરથી પસાર થવાનો છે. જેને પગલે પોલીસે સેકટર-૧૧-૧૨ ના કટ પાસેથી દોઢ લાખની કિંમતની રીક્ષા નં. જી.જે.૧૮.એ.વાય.-૯૮૭૦ કબ્જે કરી હતી. જયારે પોલીસે કલ્પેશ મુકેશ ભાઈ છનાભાઈ પટ્ટણી ને (ઉં.૧૯ રહે.સેકટર-૨૮-૨૯ ના કટ પાસે છાપરામાં) પકડી પાડ્યો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ચોરી થયેલી રીક્ષા કબ્જે કરી પોલીસે રીક્ષા ચોરીના ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો છે.

# મોડી રાત્રે કચ્છની ધરા ધ્રૂજી, ભૂકંપની તિવ્રતા ૨.૯, કેન્દ્રબિંદુ ભુજથી ૨૨ કિમી દૂર

ભૂકંપ ઝોન પમાં આવતો કચ્છ વિસ્તાર ધરતીકંપના અનેક નાના મોટા આંચકાઓથી સમયાંતરે કંપી રહ્યો છે. જેમાં ૨૦૦૧ના મહા ભૂકંપ બાદ શરૂ થયેલા આફ્ટરશોકનો આંકડો હજારોની સંખ્યાને પાર પહોંચી જવા પામ્યો છે. ત્યારે આજે વધુ એક ધરતીકંપના આંચકાથી કચ્છની ધરા ધ્રૂજી ઉઠી હતી.

ગુજરાતના કચ્છ વિસ્તારમાં અવાર નવાર ભૂકંપના નાના મોટા આંચકા અનુભવાતા હોય છે. ત્યારે શનિવારે મધરાત્રે ૧ વાગ્યાને ૪૨ મિનિટે કચ્છની ધરા ધ્રૂજતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# રાજ્યના ૯૧ તાલુકામાં હળવાથી ભારે વરસાદ

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં છેલ્લા બે દિવસથી સાર્વત્રીક વરસાદ પડી રહ્યો છે. રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારમાં હળવાથી ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. ત્યારે સોમવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં રાજ્યના ૯૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અમદાવાદનાં કેટલાક વિસ્તારોમાં ધોધમાર તો ક્યાંય ઓછો વરસાદ પડી ચુક્યો છે.

સાંજે ૪ વાગ્યા સુધીમાં રાજ્યના ૯૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ મહુવા અને લુણાવાડામાં ૨ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. ડીસા અને વીરપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે ચાણસ્મા, સરસ્વતી, મોરવાહડફમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યના ૧૧ તાલુકામાં ૧ ઈંચ કરતા વધુ વરસાદ છે. રાજ્યમાં પડી રહેલા વરસાદને કારણે પંચાયત હસ્તકના ૭ રસ્તા બંધ થઈ ગયા છે. જેમાં પાટણ, બનાસકાંઠા અને ભાવનગર જિલ્લાના ૭ રસ્તાઓ બંધ થયા છે. બનાસકાંઠામાં ૧, પાટણમાં ૫ અને ભાવનગરમાં ૧ રસ્તો બંધ થયો છે.

જો કે, પાલનપુર તાલુકાના વેડંચાથી હોડા ગામને જોડતો લડબી નદી પરના પુલનો રોડ પ્રથમ વરસાદમાં કાગળની જેમ તૂટી પડ્યો હતો. જો કે, અમદાવાદમાં અનેક વિસ્તારમાં વરસાદ જોવા મળી રહ્યો છે. શહેરના શિવરંજની ચારરસ્તા, જોધપુર, નહેરૂનગર, એલિસબ્રીજ, એએમસી, ગીતા મંદિર, આશ્રમ રોડ, નારણપુરા, હેલ્મેટ સર્કલ, અંધજન મંડળ, શ્યામલ, અને ચાંદખેડા સહિત ઘણા વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.

## જન્મદિને વધામણી



આલોક પ્રફુલકુમાર પરમાર
મો. ૭૫૭૫૦ ૭૬૪૧૯



મિતેન્દ્રસિંહ ભાટી
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯



મેઘ કલ્પેશ ગૌસ્વામી
મો. ૮૧૪૧૮ ૦૦૧૭૭



લાભેશ કે. અજબાણી



શાલિન ગાંધી

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બાબા, યોગાથી પેટમાં ખાડો પાડતા તો તમે શીખવાડી દીધું... હવે ખાડો પૂરતાશીખવાડવાનો સમય આવી ગયો...!!!

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- વ્યાસ નારણભાઈ મોરલીધર - ૮૦ - સેક્ટર-૧
- પટેલ મૃદુલાબેન વિનુભાઈ - ૮૫ - સેક્ટર-૩૦
- ગટાર રતિલાલ અમરાજી - ૫૮ - રાંધેજા
- પટેલ હિરાબેન વિસાભાઈ - ૬૩ - રૂપાલ
- ગોસાઈ રવિન્દ્રગીરી મુળગીરી - ૬૭ - સાબરમતી, અમદાવાદ